ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

પ્રદર્શનના અંતિમ દિવસે મુલાકાતીઓ ઉભરાયા

છેલ્લા દિવસે નિયત સમય કરતા બે કલાક વહેલા એન્ટ્રી બંધ કરી દેવાઈ : મુલાકાતીઓની હાજરીમાં જ સામાનની હેરાફેરી શરૂ કરી દેવાતા ભારે અવ્યવસ્થા : ટ્રેડ શો નિહાળવા સેંકડો મુલાકાતીઓ ઉમટયા : નગરના માર્ગો પર ટ્રાફીક જામના દંશ્યો

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૧૩

વાઈબ્રન્ટ ગ્લોબલ ટ્રેડ શૉ નિહાળવા આજે નગરમાં ભારે ભીડ જોવા મળી હતી. ગ્લોબલ ટ્રેડ શૉના છેલ્લા દિવસે એકઝીબીશન નિયત સમય કરતા વહેલા આટોપી લેવાની હીલચાલથી મુલાકાતીઓએ ધક્કે ચઢવાનો વારો આવ્યો હતો. નગરમાં નજર નાંખો ત્યાં ટ્રાફીક જામના દંશ્યો જોવા મળ્યા હતા. ટ્રેડ શૉની મુલાકાતે આવેલા સેંકડોએ અવ્યવસ્થાનો ભોગ બની નિરાશાજનક સ્થિતિમાં મુકાવવાનો વારો આવ્યો હતો. ગામમાંથી વી.વી.આઈ.પી. મહેમાનો વિદાય લેતા સાથે જોડાયેલી વ્યવસ્થા પણ વિખરાઈ ગઈ હતી. ટ્રેડ શૉના હીસ્સેદારોએ સ્વેચ્છાએ જ પોતાના સ્પોટમાંથી સામાન સંકેલવાનુંશરૂ કરી દેતા ટ્રેડ શૉનું સ્થળ જાણે રામભરોસે હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી

વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૫ અન્વયે સે-૧૭ સ્થિત હેલીપેડ મેદાનમાં ગ્લોબલ ટ્રેડ શૉનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્લોબલ ટ્રેડ શૉમાં રીલાયન્સ, અદાણી, એસ્સાર સહીતની વિવિધ અગ્રણી કંપનીઓએ પણ ભાગ લીધો હતો. ગ્લોબલ ટ્રેડ શૉના છેલ્લા દિવસે જુદા જુદા શહેરમાંથી આજે મુલાકાતીઓની ભીડ ઉમટી હતી. જેના પરિણામે નગરના મુખ્ય માર્ગો પર ટ્રાફીક જામના દંશ્યો જોવા મળ્યા હતા. ગ્લોબલ ટ્રેડ શૉની ખબરના પરિણામે નગરના વિવિધ માર્ગો પર દિવસ દરમિયાન સતત વાહનોનો ધમધમાટ જોવા મળ્યો હતો. સેકટરોમાં ઠેર ઠેર પાર્કીંગ પ્લેસ અસ્તિત્વમાં આવ્યા હતા. સે-૧૬ અને સે-૧૭માં પણ પાર્ક થયેલા વાહનોની કતાર જોવા મળી હતી. શોપિંગ વિસ્તારમાં આડેધડ વાહનો

● અનુસંધાન પાન-૭ પર

આજે સવારે ૬ થી ૮ અને સાંજે ૫ થી ૭ પતંગ ચગાવવા નહી

ઉત્તરાયણ પર્વને ધ્યાનમાં રાખીને વિવિધ સેવાભાવી સંસ્થાઓ દ્વારા નગરજનોને વહેલી સવારે ૬.૦૦ થી ૮.૦૦ વાગ્યા દરમ્યાન અને સાંજે ૫.૦૦ થી ૭.૦૦ વાગ્યા દરમ્યાન પતંગો નહી ચગાવવા અપીલ કરવામાં આવી છે. સવારનો સમય પક્ષીઓના ચણ માટે નીકળવાનો અને સાંજનો સમય માળામાં પરત ફરવાનો હોઈ તે સમયે સૌથી વધુ પક્ષીઓ દોરીથી ઈજાગ્રસ્ત થાય છે. આથી નગરજનોને આ સમયે પતંગ નહી ચગાવી મુંગા પક્ષીઓના જીવવાના અધિકારનું સન્માન કરવા અનુરોધ કરાયો છે. આ ઉપરાંત ચાઈનીઝ દોરી, મેગ્નેટીક ટેપ વગેરે પણ ઘાતક હોઈ તેનો ઉપયોગ ટાળવા જણાવાયુ છે.

ઈજાગ્રસ્ત પક્ષીઓ માટે હેલ્પલાઈન

ગાંધીનગરની વનશ્રી ટ્રસ્ટ દ્વારા ઉત્તરાયણમાં દોરીથી ઈજાગ્રસ્ત થયેલા પક્ષીઓની સારવાર માટે હેલ્પલાઈન ચાલુ કરાઈ છે. આ હેલ્પલાઈનના નંબરોનો ઉપયોગ કરી પક્ષીઓના જીવ બચાવવા નગરજનોને અપીલ કરાઈ છે.

ઈજાગ્રસ્ત પક્ષીઓ માટે હેલ્પલાઈન

૯૮૨૪૨-૫૬૪૧૦
૮૪૬૦૬-૧૯૫૧૯
૯૪૨૬૪-૦૧૭૦૧
૯૫૫૮૦-૩૦૭૭૧

આ તમામ હેલ્પલાઈન તા. ૧૭મી જાન્યુઆરી સુધી કાર્યરત રહેશે.

પેથાપુરમાં પેટા ચૂંટણી

૮મી ફેબ્રુઆરી એ પેટા ચૂંટણી ૧૯મીએ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જિલ્લાની પેથાપુર નગરપાલિકાની એક બેઠક માટેની પેટા ચૂંટણી યોજવા અંગે આજે ચૂંટણી પંચે કાર્યક્રમ જાહેર કર્યો છે.

અમદાવાદ મહાનગરપાલિકા ઉપરાંત ૬ નગરપાલિકાઓની પેટા ચૂંટણી અંગે કાર્યક્રમ જાહેર કરતાં પંચે જણાવ્યું છે કે ૮મી ફેબ્રુઆરીના રોજ આ પેટા ચૂંટણી યોજાશે.

પેથાપુર વોર્ડ નં. ૭ની બેઠક માજી નગરપતિ કનુસિંહના અવસાનથી ખાલી પડી હતી.સામાન્ય બેઠક માટે યોજાનાર આ પેટા ચૂંટણી માટેનું જાહેરનામું ૧૯મી જાન્યુઆરીના રોજ બહાર પડશે. જાહેરનામું પ્રસિધ્ધ થતાં જ આ પેટા ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થશે.

૨૪મી જાન્યુઆરી સુધી આ પેટા ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરી શકાશે. ૨૭મીએ ઉમેદવારી પત્રો ની ચકાસણી થશે જયારે મતદાન ૮મી ફેબ્રુઆરીએ યોજાશે.

પેટા ચૂંટણીની મતગણતરી ૧૦ ફેબ્રુઆરીએ થશે.

પેથાપુર નગરપાલિકાની આ પેટા ચૂંટણી જાહેર થતાં જ વાતાવરણમાં રાજકીય ગરમાવો આવી જવા પામ્યો છે. આ બેઠક કોંગ્રેસની પરંપરાગત રહી છે અને કોંગ્રેસે આ બેઠક માટે ખાસ વ્યુહરચના પણ તૈયાર કરવામાં આવી રહી છે.

ગાંધીનગરમાં બેવડી ઋતુનો અહેસાસ

ગાંધીનગર, તા. ૧૩

છેલ્લા કેટલાક દિવસોથી દિવસે ગરમી અને રાત્રે ઠંડીનો અહેસાસ થતા બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. તાપમાનનો તફાવત લગભગ ૨૦ ડિગ્રી જેટલો રહ્યો છે.

છેલ્લા કેટલાક દિવસોથી ગાંધીનગરમાં મિશ્ર વાતાવરણનો અનુભવ થઈ રહ્યો છે. દિવસ દરમ્યાન મહત્તમ તામાન ઉંચુ રહેતા ગરમી અનુભવાય છે અને રાત્રે લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે રહેતા વસાહતીઓ ઠંડકનો અનુભવ કરી રહ્યા છે. મંગળવારે મહત્તમ તાપમાન ૨૯ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રી રહ્યુ હતુ. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૮૮ ટકા અને સાંજે ૩૩ ટકા રહ્યુ હતુ.

હાશ, વાયબ્રન્ટનો બંદોબસ્ત પૂરો : પોલીસનો છૂટકારો

વાઈબ્રન્ટ દરમ્યાન કોઈ અનિશ્ચનિય બનાવ ન બનતા પોલીસ સહિત સમગ્ર તંત્રએ રાહતનો દમ લીધો

ગાંધીનગર, તા. ૧૩

આતંકવાદી હુમલાના સતત મળતા આઈ.બી. રીપોર્ટ વચ્ચે ગાંધીનગરમાં યોજાયેલી વાઈબ્રન્ટ સમિટ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થતા ગાંધીનગર તથા ગુજરાત પોલીસે હાંશકારો અનુભવ્યો છે. દેશના વડાપ્રધાનથી માંડીને દેશ-વિદેશના વીવીઆઈપી મહાનુભાવોની સતત અવર-જવર દરમ્યાન હાઈ સિક્યુરીટી પ્રોવાઈડ કરીને પોલીસે કોઈને ખરોચ પણ આવવા ન દઈ ગુજરાત તથા દેશની લાજ સાચવી છે. સતત ૧૦ દિવસથી બંદોબસ્તમાં તૈનાત કરાયેલી પોલીસને આખરે આજે સાંજે છુટી કરવામાં આવી હતી.

વાઈબ્રન્ટ સમિટ તથા ભારતીય પ્રવાસી દિવસ ઉપરાંત સીઈઓ કોન્કલેવ સહિતના વિવિધ કાર્યક્રમો એક સપ્તાહથી ગાંધીનગરના આંગણે ચાલી રહ્યા હતા. જેમાં દેશ-વિદેશની ખ્યાતનામ અનેક હસ્તીઓએ અવર-જવર કરી હતી. તેમની સલામતી અને સુરક્ષાનો ખુબ મોટો પ્રશ્ન હતો. સતત આઈ.બી. દ્વારા આતંકવાદી હૂમલાની દહેશતના મળતા રીપોર્ટ વચ્ચે જડબેસલાક પોલીસ બંદોબસ્ત ગોઠવી સઘન સલામતી વ્યવસ્થા પુરી પાડવામાં આવી હતી. ત્રીજી તારીખથી તૈનાત પોલીસ કાફલાનો બંદોબસ્ત આજે ૧૩ તારીખે વિડ્રો કરવામાં આવ્યો છે. સમગ્ર વાઈબ્રન્ટ કાર્યક્રમો શાંતિપૂર્ણ રીતે સંપન્ન થતા એટલે કે કોઈ અનિચ્છનીય બનાવો ન બનતા પોલીસ સહીત સમગ્ર તંત્રએ રાહતનો દમ લીધો હતો.

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
મધુર ડેરી, સેક્ટર-૨૫, 'ક' રોડ, ગાંધીનગર-૩૮૨૦૨૩
ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ : ૨૩૨૮૭૧૪૦
ઉત્તરાયણ પર્વ નિમિત્તે
મધુર સુરતી ઉંધીયું તથા મધુર ઘીની કેસર જલેબી
(૧) જલેબી - ૧ કિલો - રૂ. ૪૦૦/-
(૨) ઉંધીયું - ૧ કિલો - રૂ. ૧૬૦/-
મધુરના શુદ્ધ ઘીની સ્વાદિષ્ટ જલેબી અને તાજું સ્વાદિષ્ટ ચટાકેદાર ઉંધીયાનું પ્રાપ્તિ સ્થળ
: મધુર પાર્લર, ઘ-૫, સેક્ટર-૨૩, ગાંધીનગર :
મેનેજીંગ ડિરેક્ટરશ્રી

૧ થી ૩૦ સેક્ટર માટે
LED TV, LCD TV, Colour TV રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬

56 Bhog
The Taste Temple
ઉત્તરાયણ સ્પેશીયલ વીક
તા. ૧૪ થી ૧૮ જાન્યુઆરી-૨૦૧૫
ચટાકેદાર ઉંધીયુ અને શુધ્ધ ઘીની જલેબીનો સ્વાદ માણો
પાર્સલ ફેસેલીટી-એડવાન્સ બુકીંગ માટે સંપર્ક કરો.
Rs.356/-
૧૪, ૧૫મી જાન્યુઆરી બપોરે ઉત્તરાયણ સ્પેશીયલ
Mini 56 Bhog Unlimited લંચ (બુફે)
વ્યકિત દીઠ રૂા. ૩૫૬/-
સાંજે ઉત્તરાયણ સ્પેશીયલ ૫૬ ભોગ ડીનર (બુફે)
૧૬મી જાન્યુઆરી ગાંધીનગરમાં પ્રથમવાર
Candle Light Dinner
56 Bhog સ્પેશીયલ બુફે ડીનરનો આનંદ માણો
૧૭-૧૮મી જાન્યુઆરી ગુજરાતમાં પ્રથમવાર
બધીજ ઉંમરના વ્યકિતઓ ને અનુકુળ આવે તેવુ ૫૬ ભોગ સ્પેશીયલ બુફે ડીનરનો સ્વાદ માણવા પધારો.
વેલેન્ટાઈન ડેની અનોખી ઉજવણી માટે તૈયાર રહો....
Gaglani & Co.
F-1 & 2, Siddhraj Zavod, Nr. Sargasan Cross Road, S.G. Highway, Gandhinagar.
Ph. 079-65726565 Call : 9824233121, Call : 9712765656

જાહેર આમંત્રણ
॥ સુંદરધામ ॥ દાદાના દરબારમાં ભવ્ય શ્રી હનુમાનજી મહારાજની
પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ
મંગલકારી પ્રથમ દિવસ તા.૧૫-૧-૨૦૧૫, ગુરૂવાર
સવારે ૧૦ થી ૧૨ કલાકે શ્રી ગોગા મહારાજની સ્થાપના
ભકતશ્રી શકરાબાપા(ઉંજાવા)ના વરદ્ હસ્તે તથા ભજન આરાધના
જય બાબારી પરિવાર રૂપાલ ગામ તથા
મહંતશ્રી હનુમન મહારાજ, શ્રી પ્રેમગીરી ગોસ્વામી, દિલીપદાન ગઢવી, વિષ્ણુભાઈ સાધુ, સમીર પંડયા, વીરચંદ ભગત, રાજ ચૌધ, સકીલ પંડયા
બપોરે ૨ થી ૫ ભજન મહોત્સવ ૧૧ ગામોના સમસ્ત ભજન મંડળો દ્વારા
રાત્રે ૮ કલાકે ઉંકરી વ્હાલનો દરીયો : શ્રી ભરતભાઈ હરિયલ તથા હાસ્યકાર પ્રવિણ પટેલ
રાત્રે ૯ કલાકે ભજન આરાધના : દેવરાજધામ ગુરૂગાદી મહંતશ્રી ગોસ્વામી ઘનગીરી બાવજી
પાવનકારી બીજો દિવસ તા.૧૬-૧-૨૦૧૫, શુક્રવાર
યજ્ઞ પ્રારંભ સવારે ૯-૦૦ કલાકે
કળશ દેવતાની નગરયાત્રા સવારે ૧૦-૧૫ કલાકે રાંધેજા ગામ થી દાદાના દરબારમાં બેન્ડવાજા સાથે જશે
બપોરે ૨ થી ૫ કલાકે માં બહુચર આનંદનો ગરબો ભાવનાબેન ગોકલાણી અને સમગ્ર આનંદ ગરબા મંડળ
ભવ્ય લોક ડાયરો : રાત્રે ૬ થી ૧૨ કલાકે શ્રી રતનસિંહ વાઘેલા (સુપ્રસિધ્ધ ગુજરાતી ફિલ્મ કલાકાર) સુપ્રસિધ્ધ ભજનીક સુલોચનાબેન વ્યાસ ભજનીક શ્રી રમેશભાઈ પ્રજાપતિ (ભાણાભાઈ)
મુખ્ય મહેમાન ગુજરાતી ફિલ્મ સુપરસ્ટાર શ્રી વિક્રમ ઠાકોર
પુણ્યકારી ત્રીજો દિવસ તા.૧૭-૧-૨૦૧૫, શનિવાર
બપોરે ૧૨-૩૯ કલાકે : શ્રી હનુમાનજી મહારાજ તથા દેવી દેવતાની પ્રાણ પ્રતિષ્ઠા તથા મહાપ્રસાદ
સાંજે ૪-૦૦ કલાકે સુંદરકાંડ પાઠ : વ્યાસપીઠ : શ્રી ગોસ્વામી સંજયભારતી બાપુ તથા રાત્રે ૯ કલાકે માતાજીના ગરબા
૨૦૦૩ થી આજદિન સુધી શ્રી ભારતી બાપુના તમામ સુંદરકાંડ પાઠ યજમાન, કથા યજમાન તથા શ્રોતાગણ અને દાદાના ભક્તોને ખાસ આમંત્રણ.
નિમંત્રક : ॥ સુંદરધામ ॥ શ્રી ગોસ્વામી સંજયભારતી બાપુ ॥ દાદાનો દરબાર ॥
શ્રી કષ્ટભંજન ગોદડિયા હનુમાનજી, ગાંધીનગર-માણસા હાઈવે, રેલ્વે ફાટક પાસે, રાંધેજા ગામ, તા.જી.ગાંધીનગર.
સંપર્ક : ૮૧૪૧૨૧૭૦૫૦, ૯૪૨૮૫૯૫૭૪૧, ૯૩૨૭૦૦૩૯૪૦, ૯૩૭૪૧૭૭૧૮૪
જાહેરાત સૌજન્ય : શ્રી રમેશભાઈ પટેલ (કેપિટલ ઓફસેટ)

મામંત્રણ
ત્યનો ત્રિવેણી સંગમ
ગવત્ કથા
: કથા વિરામ : તા. ૨૨-૧-૨૦૧૫, ગુરૂવાર સાંજે ૪:૦૦ કલાકે
: કથા સમય : બપોરે ૧:૦૦ થી ૫:૦૦
:: કથા સ્થળ :: શ્રી અંબાજી માતાનું મંદિર, ગાંધીનગર-મહુડી રોડ, મુ.પીંપળજ, તા.જી.ગાંધીનગર
ડળ તથા શ્રી સમસ્ત પીંપળજ ગામ
શ્રી શીવકથા માટે સંપર્ક : ૯૪૨૮૨ ૧૭૫૫૭

॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી ઉમિયા માતાય નમઃ ॥
શુભારંભ
ભૂમિપુત્રો માટે ખુશ ખબર... ભૂમિપુત્રો માટે ખુશ ખબર...
પૃથ્વી એગ્રો ઈન્ડ્રસ્ટ્રીઝ
સ્થળ : ધનસુરા-અમદાવાદ રોડ, બોરવાઈ, પો.વડાગામ, તા.ધનસુરા જી.અરવલ્લી. ફોન નં.૦૨૭૭૪-૨૭૭૨૩૬
તા.૧૫/૦૧/૨૦૧૫, ગુરૂવાર - સમય : ૧૦-૧૫ કલાકે
ફોન થી ઓર્ડર આવકાર્ય છે.
॥ નિમંત્રક ॥
શ્રી ગજાનંદભાઈ એ. પટેલ - મણીપુરાકંપા
શ્રી મહેન્દ્રભાઈ વી. પટેલ - પુરસોત્તમપુરાકંપા
શ્રી નાથિનભાઈ વી. પટેલ - પુરસોત્તમપુરાકંપા
શ્રી જાદીશભાઈ એસ. પ્રજાપતિ - લાલીનામઠ
શ્રી ત્રિલોકકુમાર જી. પટેલ - મણીપુરાકંપા
શ્રી મિતુલકુમાર જી. પટેલ - મણીપુરાકંપા
સંકલન : જય અમીન મો.૮૩૪૭૫૭૬૫૬૦, બાબુભાઈ પટેલ મો.નં.૯૮૭૯૭૨૦૮૧૧

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com